# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

**************************************************

1) આજે લોકસભામાં ઓપરેશન સિંદૂર પર વિશેષ ચર્ચા ફરી શરુ થશે.

2) સંરક્ષણ મંત્રાલય તમિલનાડુમાં મિકેનિકલ અને મટિરિયલ ડોમેનમાં પરીક્ષણ સુવિધા સ્થાપિત કરશે.

3) જમ્મુ અને કાશ્મીરમાં, અમરનાથ યાત્રાળુઓનો 27મો સમૂહ આજે વહેલી સવારે કડક સુરક્ષા વચ્ચે જમ્મુથી કાશ્મીર માટે રવાના

4) ગાઝામાં ઇઝરાયલના હુમલામાં 36 પેલેસ્ટિનિયનના મોત

5) પૂર્વ રાજસ્થાન, બિહાર, હિમાચલ પ્રદેશ, સહિતના સ્થળોએ આજે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN. LS - OPERATION SINDOOR-1

આજે લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ખાસ ચર્ચા ફરી શરુ થશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગઈકાલે પહલગામ આતંકવાદી હુમલા પર ભારતના મજબૂત, સફળ અને નિર્ણાયક ઓપરેશન પર ચર્ચા શરૂ કરી હતી. ચર્ચામાં ભાગ લેતા, વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે પહલગામ હુમલાના જવાબમાં ભારતની લશ્કરી કાર્યવાહી સરહદ પાર આતંકવાદનો સામનો કરવા માટે એક નવી શરૂઆત દર્શાવે છે.

તેમણે કહ્યું કે 22 એપ્રિલના રોજ પહેલગામ હુમલા પછી, ભારતે પાકિસ્તાન સામે સિંધુ જળ સંધિને સ્થગિત કરવા સહીત અનેક દંડાત્મક પગલાં લીધાં છે. તેઓએ મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈપણ બાહ્ય મધ્યસ્થીનો સ્પષ્ટપણે ઇનકાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે યુદ્ધવિરામમાં અમેરિકાની કોઈ ભૂમિકા નથી.

ગૃહમાં ચર્ચા શરૂ કરતી વખતે, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા કાયરતાપૂર્ણ હુમલાના જવાબમાં, ભારતે પાકિસ્તાનમાં આતંકવાદી માળખા સામે લક્ષ્યાંકિત કાર્યવાહી કરી છે. શ્રી સિંહે કહ્યું, આ કાર્યવાહીમાં 100થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા અને આતંકવાદીઓના નવ ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો હતો.

ચર્ચામાં ભાગ લેતા, કોંગ્રેસના નેતા ગૌરવ ગોગોઈએ જમ્મુ અને કાશ્મીરની સુરક્ષા પરિસ્થિતિ પર પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે સરકાર પહેલગામમાં થયેલા કાયર આતંકવાદી હુમલાના ગુનેગારોને પકડવામાં નિષ્ફળ ગઈ છે. તેમણે ઓપરેશન સિંદૂર દરમિયાન યુદ્ધવિરામની ઘોષણા પર પણ સરકાર પર સવાલ

ઉઠાવ્યા હતા. સમાજવાદી પાર્ટીના રામશંકર રાજભરે પણ કોંગ્રેસને સમર્થન આપ્યું હતું. કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહે સશસ્ત્ર દળોની બહાદુરીની પ્રશંસા ન કરવા બદલ વિપક્ષની ટીકા કરી હતી. તેમણે ભારતીય સેનાની ક્ષમતાઓ અને સ્વદેશી ટેકનોલોજી પર પ્રશ્ન ઉઠાવવા બદલ વિપક્ષી નેતા રાહુલ ગાંધીની પણ ટીકા કરી હતી. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કલ્યાણ બેનર્જી, તેલુગુ દેશમ પાર્ટીના લવુ શ્રીકૃષ્ણ સહિત અન્ય સભ્યોએ પણ ચર્ચામાં ભાગ લીધો હતો.

# MORN. PM-PAR SPEECH

લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા દરમિયાન વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ દ્વારા આપવામાં આવેલા ભાષણોની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રશંસા કરી છે. સોશિયલ મીડિયા સંદેશની શ્રેણીમાં, પ્રધાનમંત્રીએ આ ભાષણોને ઉત્કૃષ્ટ અને સમજદાર ગણાવ્યા.

શ્રી મોદીએ વિદેશ મંત્રીના ભાષણને ટાંકતા કહ્યું કે, વિશ્વએ ઓપરેશન સિંદૂર દ્વારા આતંકવાદના ભય સામે લડવા અંગે ભારતના દ્રષ્ટિકોણને સ્પષ્ટ રીતે સાંભળ્યો છે. સંરક્ષણ મંત્રી દ્વારા આપવામાં આવેલા ભાષણ પર, શ્રી મોદીએ કહ્યું કે, તેમણે ભારતના સુરક્ષા ઉપકરણની સફળતા અને ઓપરેશન સિંદૂરમાં આપણા સશસ્ત્ર દળોની હિંમત પર સમજદાર દ્રષ્ટિકોણ આપ્યો છે.

# DEFENCE TESTING FACILITY MOU

સંરક્ષણ મંત્રાલય તમિલનાડુ ડિફેન્સ ઇન્ડસ્ટ્રિયલ કોરિડોરમાં મિકેનિકલ અને મટિરિયલ ડોમેનમાં પરીક્ષણ સુવિધા સ્થાપિત કરશે. મંત્રાલયે ગઈકાલે

નવી દિલ્હીમાં  સંરક્ષણ ઉત્પાદન સચિવ સંજીવ કુમારની હાજરીમાં તમિલનાડુ ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ સાથે સુવિધા સ્થાપવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે તેની પૂર્ણતા પછી, પરીક્ષણ સુવિધા સરકારી અને ખાનગી ઉદ્યોગ બંનેને અદ્યતન પરીક્ષણ ઉપકરણો અને સેવાઓ પ્રદાન કરશે, આમ સંરક્ષણમાં 'આત્મનિર્ભરતા'ને પ્રોત્સાહન મળશે.

# SUPREME COURT

સુપ્રીમ કોર્ટે ખાસ સઘન સુધારા માટે સૂચિત સમયપત્રક અનુસાર પહેલી ઓગસ્ટના રોજ બિહાર માટે ડ્રાફ્ટ મતદાર યાદી પ્રકાશિત કરવાથી ચૂંટણી પંચને રોકવાનો ઇનકાર કર્યો છે.

ન્યાયાધીશ કાંતને મુખ્ય ન્યાયાધીશ સાથે વહીવટી બેઠકમાં હાજરી આપવાની હોવાથી ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમલ્યા બાગચીની બેન્ચે વિગતવાર સુનાવણી કરી ન હતી. જોકે, તેમણે અરજદારોને ખાતરી આપી હતી કે આ મામલાની વહેલી તકે સુનાવણી કરવામાં આવશે અને વકીલોને આજ સુધીમાં દલીલો માટે જરૂરી અંદાજિત સમય સૂચવવા કહ્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## NEP 5 YEARS

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને આજે પાંચ વર્ષ પૂર્ણ થયા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ ભારતીય શાળાઓને એવા શિક્ષણ સ્થળોમાં પરિવર્તિત કરવાની મહત્વાકાંક્ષી યોજના છે જ્યાં શિક્ષણ ફક્ત પાઠ્યપુસ્તકો, ગુણ કે ગોખણપટ્ટી સુધી મર્યાદિત નથી. છેલ્લા પાંચ વર્ષમાં, આ નીતિએ ભારતમાં વધુ સમાવિષ્ટ અને ભવિષ્ય માટે તૈયાર શિક્ષણ પ્રણાલીનો પાયો નાખ્યો છે.

## J&K- AMARNATH YATRA

જમ્મુ અને કાશ્મીરમાં, અમરનાથ યાત્રાળુઓનો 27મો સમૂહ આજે વહેલી સવારે કડક સુરક્ષા વચ્ચે જમ્મુથી કાશ્મીર માટે રવાના થયો. ભગવતી નગર યાત્રાળુ નિવાસ બેઝ કેમ્પથી 61 વાહનોના કાફલામાં કુલ એક હજાર 490

યાત્રાળુઓ રવાના થયા. આ જૂથમાં એક હજાર 262 પુરુષો, 186 મહિલાઓ, 42 સાધુ અને સાધ્વીઓનો સમાવેશ થાય છે.

કુલ 327 યાત્રાળુઓ બાલતાલ બેઝ કેમ્પ માટે રવાના થયા, જ્યારે એક હજાર 163 યાત્રાળુઓ પહેલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા. આ શિબિરોમાંથી, યાત્રાળુઓ પવિત્ર અમરનાથ ગુફા મંદિરની યાત્રા ચાલુ રાખશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, સુરક્ષા દળોએ યાત્રાને સરળ અને સલામત બનાવવા માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી છે.

# ISRAEL-GAZA ATTACK

ગાઝામાં ઇઝરાયલના હુમલામાં 36 પેલેસ્ટિનિયનના મોત થયા છે. યુદ્ધગ્રસ્ત ગાઝા પટ્ટીમાં ઇઝરાયલી હુમલાઓ ગઇકાલે પણ યથાવત રહ્યા. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, મૃતકોમાં એક ગર્ભવતી મહિલા અને તેના નવજાત શિશુનો પણ સમાવેશ થાય છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે ગાઝામાં ભૂખમરો અને માનવતાવાદી કટોકટી સતત વધી રહી છે.

આંતરરાષ્ટ્રીય દબાણમાં વધારો થયા બાદ ઇઝરાયલે કેટલાક માનવતાવાદી રાહત પગલાંની જાહેરાત કરી છે. રવિવારે, ઇઝરાયલી લશ્કરી વહીવટીતંત્રે જાહેરાત કરી હતી કે રાહત સામગ્રીનું વિતરણ અને સલામત માર્ગો સુનિશ્ચિત કરવા માટે ગાઝા શહેર, દેઇર અલ-બલાહ અને મુવાસી વિસ્તારોમાં દરરોજ સવારે 10 વાગ્યાથી રાત્રે 8 વાગ્યા સુધી લશ્કરી કાર્યવાહી બંધ કરવામાં આવશે.જોકે, સોમવારે હવાઈ હુમલાઓ જાહેર કરાયેલા કામચલાઉ યુદ્ધવિરામની

સમયમર્યાદાની બહાર હતા, અને ઇઝરાયલી સેનાએ આ હુમલાઓ પર તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી.

# WOMEN CHESS WORLD CUP WINNER

જ્યોર્જિયાના બાટુમીમાં રમાયેલી ફાઇનલમાં દિવ્યા દેશમુખ ભારતીય કોનેરુ હમ્પીને હરાવીને FIDE મહિલા વર્લ્ડ કપનો ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા છે. આ મેચ ત્રણ દિવસ સુધી ચાલી હતી અને ટાઇબ્રેક દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો, જેમાં દિવ્યા વિજેતા બન્યા હતા. 19 વર્ષીય દિવ્યા પોતાની ઉંમરથી બમણી ઉંમરના પ્રતિસ્પર્ધી સામે વિજય મેળવ્યા બાદ ભાવુક થયા હતા.

આ સિદ્ધિ સાથે, કોનેરુ હમ્પી, દ્રોણવલ્લી હરિકા અને આર વૈશાલી બાદ દિવ્યા ગ્રાન્ડમાસ્ટર બનનારી ચોથી ભારતીય મહિલા બન્યા છે. વર્લ્ડ કપ જીતવા ઉપરાંત, દિવ્યાના પ્રદર્શનથી તેણીને 2026 કેન્ડિડેટ ટુર્નામેન્ટમાં સ્થાન મળ્યું છે. જ્યાં ખેલાડીઓ ચીનની મહિલા વિશ્વ ચેમ્પિયન જુ વેનજુનને પડકારશે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે પૂર્વ રાજસ્થાન, બિહાર, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, ગુજરાત, કર્ણાટક, ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, કેરળ, માહે અને ઉત્તરપૂર્વીય રાજ્યોના કેટલાક ભાગોમાં પણ દિવસભર મધ્યમથી ભારે વરસાદ પડવાની આગાહી છે.

હવામાન વિભાગે વધુમાં આગાહી કરી છે કે આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ, બિહાર, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, સિક્કિમ અને ઓડિશાના કેટલાક ભાગોમાં વીજળી અને ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. ગઈકાલે રાત્રે, વસંત વિહાર સહિત રાષ્ટ્રીય રાજધાનીના ઘણા ભાગોમાં ભારે વરસાદ બાદ પાણી ભરાઈ ગયા હતા.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રીટા દવે

1) ગઇકાલે લોકસભામાં થયેલી ઓપરેશન સિંદૂર અંગે થયેલી ચર્ચાઓને આજના ઘણા અખબારોએ મુખ્ય શીર્ષકમાં સામેલ કરેલ છે.

2) દિવ્ય ભાસ્કરે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના શબ્દોને ટાંકતા લખ્યું છે સૈન્ય ટાર્ગેટ પૂરો થતાં ઓપરેશન સિંદુર રોક્યું કોઈના દબાણમાં નહીં.

3) ગુજરાત સમચારે લખ્યું છે...ટ્રંપ નો કોઈ રોલ નથી ,લક્ષ્ય પૂરું થતા સિંદૂર અટકાવ્યું ..

4) તો નવગુજરાત સમયે મુખ્ય માથાળા હેઠળ લખ્યું છે કે ઓપરેશન સિંદૂર અંગે ટ્રંપ -મોદી વચ્ચે વાતચીત થઈ નથી.

5) હિન્દી સમાચાર પત્ર રાજસ્થાન પત્રિકામાં પણ સંરક્ષણ મંત્રી રાજનાથસિંહના શબ્દોને ટાંકતા લખ્યું છે.. વિપક્ષને કભી નહીં પૂછા હમને શત્રુકે કિતને વિમાન ગિરાએ આ ઉપરાંત તેમણે પહલગામ કે ગુનેહગાર 3 આતંકી ઠાર આ સમાચારને પણ headline બનાવી છે. આજ સમાચાર સંદેશે પોતાના મુખ્ય શીર્ષકમાં લીધેલ છે.

6) પ્રદેશિક સમાચારોમાં સંદેશ અને ગુજરાત સમાચારે છેલ્લા પાને ગાંધીનગરના ડિજિટલ અરેસ્ટના સમાચારને સ્થાન આપ્યું છે ...સંદેશ લખે છે ગાંધીનગરમાં મહિલા ડોક્ટરને 3 માસ સુધી ડિજિટલ અરૈસ્ટ કરી 19.24 કરોડ પડાવ્યા ....

7) આ ઉપરાંત ગુજરાત સમાચારે છેલ્લા પાને લખ્યું છે ..ધોરણ 9 થી 12 ની પ્રથમ પરીક્ષા હવે નવરાત્રિ બાદ 3 ઓક્ટોબરથી લેવાશે.